## અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રી રવી ખેડૂત સંમેલન અને પ્રદર્શન

# ખેડૂતોને સજીવ ખેતી તરફ વળી મબલખ પાક લેવા સમજાવાયા

કૃષિભાસ્કર | વાપી

અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત અને નવી દિલ્હી કૃષિ અનુસંધાન પરિષદ પુરસ્કૃત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી દ્વારા વલસાડ જીલ્લાના ખેડુતોને પાક ઉત્પાદન, જમીન સ્વાસ્થ્ય, રોગજીવાત વગેરે અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુસર કેન્દ્ર ખાતે પ્રિરબી ખેડુત સંમેલન અને કૃષિ પ્રદર્શનનું આયોજન કરાયું હતુ જેમાં આશરે 250 ખેડૂતોએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કેવિકે અંભેટીના વૈજ્ઞાનિક કમલેશ પટેલ દ્વારા પ્રિરબી ખેડૂત સંમેલન કાર્યક્રમનો હેતુ સમજાવી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કેન્દ્રના જમીન વૈજ્ઞાનિક લલિત કપુરે જમીન તંદુરસ્તી પર ભાર મુકતા પાક અવશેષો અને ગાયના છાણમાંથી સારી



ગુણવત્તાવાળા સેન્દ્રિય ખાતરો બનાવવા NCOF, ગાઝીયાબાદ દ્વારા વિકસિત વેસ્ટ ડિકમ્પોઝરના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પારડી ખેડૂત તાલીમ કેન્દ્રના નાયબ ખેતી નિયામક અને આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર માડાણીએ ખેતીવાડી ખાતાની સજીવ ખેતી પ્રોત્સાહન યોજના અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમાં જીએસએફસીના પ્રતિનિધી પીંકી પટેલે ખેડૂતોને રાસાયણિક ખાતરો પ્રમાણસર વાપરવા જમીન ચકાસણી અંગે માર્ગદર્શન આપ્યુ હતું. કેવિકે અંભેટીના વૈજ્ઞાનિક અરવિંદ પટેલ દ્વારા ખેડૂતોને સજીવ ખેતી અપનાવવા સમજાવ્યા હતાં.

દમણ ઓલ ઈન્ડિયા રેડિયોના પ્રતિનિધી હરેશભાઈ, જશોદા નરોત્તમ કપરાડાના પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ રમેશ ભોયા અને જીતુ મિસ્ત્રી, ક્રિષ્ના મશીનરીએ ખેતીને લગતી આધુનિક તાંત્રિકતાઓ અને મશીનરી અંગે માહિતી પુરી પાડી હતી. ખેડુતોને ખેતીમાં ઉપયોગી મશીનરી અને નવીનતમ તાંત્રિકતાઓની પ્રત્યક્ષ માહિતી મળી રહે તે માટે કેન્દ્ર અંભેટીના કેમ્પસમાં કૃષિ પ્રદર્શનનું પણ આયોજન કરાયું હતુ જેમાં વલસાડની અગ્રણી સંસ્થાઓ અને એજન્સીઓએ ભાગ લઈ ખેડુતોને માર્ગદર્શન આપ્યું હતું.